આંક–૧ અન્વયે હુકમ

અત્રેની એ નોંધ લેવામાં આવે છે કે, આજરોજ નામદાર ગુજરાત રાજય કાનુનીસેવા સતા મંડળ અમદાવાદના પત્ર તેમજ નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટના સાહેબશ્રીના પત્ર/હુકમ અન્વયે આજરોજ સ્પેશીયીલ મેજીસ્ટ્રેટીયેલ સીટીંગ યોજવામાં આવેલ છે. અને આ કેસ આસ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીંટીગમાં અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૧. આ કામે આરોપી વિરુધ્ધ એવો આક્ષેપ છે કે,આરોપીઓએ પોતાનુ વાહનં પુરઝડપે અને બેદરકારી રીતે ચલાવી અકસ્માત કરેલ છે. જે અગે તપાસના અંતે આરોપી વીરુધ્ધ ઈ.પી.કો કલમ– ૨૭૯ ચાર્જસીટ રજુક રવામાં આવેલ છે આરોપીહાજર છે. તેને કેસના કાગળની નકલ આપવામાં આવેલ છે ત્યારબાદ આરોપીએ આજરોજ કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરેલ છે આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા માટે બંધાયેલ નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસનો ઉપીયોગ તેના વીરુધ્ધતના પુરાવા તરીકે યોગ્ય હુકમ કરવામાં આવશે.

૨. આરોપીને સજા બાબતે પુછતા તેઓ જણાવે છે કે,તેઓનો આ પ્રથમ ગુનો છે ગુનાબદલ પસ્તાવો થાય છે આરોપી કુટુબવાળા માણસ છે અને તેમની કમાણી ઉપર ઘર ચાલે છે અને તેઓ સીવાય ઘરમાં બીજુ કોઈ કમાવવાવાળુ નથી આરોપી જણાવે છે કે, આ પ્રકારનો કોઈ ગુનો અગાઉ બનેલ નથી કે,આ પ્રકારના ગુનામાં કોઈ સજા થયેલ નથી.

૩. આરોપી ની રજુઆત ધ્યાને લીધી આરોપી મધ્યમ વર્ગમાંથી આવે છે અને અકસ્માતગુનો ઈરાદા વગરનો છે અત્રે ના ગુનામાં ફરીયાદી/સાહેદો ને ઈજા થયેલ છે કેસ જુનો છે આરોપી સ્વેચ્છાએ કબુલાત કરેલ છે કે, જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેના કારણે આરોપીને પરોક્ષ રીતે આરોપીના કુટુબને સજા શકયતા છે કારણ કે આરોપીની કમાણીમાંથીજ ઘર ચાલે છે. તેના બદલે આરોપી જેલમાં જતા આરોપીના ઘરવાળા ભુખે મરે તેમ છે તેમજ આરોપી બદલ પસ્તાવો થાય છે આ તમામ હકીકત ધ્યાને લેતા તેમજ **રમેશચંન્દ્ર ભીખાલાલ સોની વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત જીએલએચ ૨૦૧૩ (૨) ૯૭૪ ના કેસમાં પ્રસ્થાપતી કરેલ સીધ્ધાંત ને લક્ષમાં રાખતા ગુંજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ ેઆર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વીરુધ્ધ નટવરલાલ હરીચંન્દ્રજી ઠાકોર ના કેસમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ને લક્ષ્મા રાખતા** આરોપી ને વધુ સજા નહી કરતા નીચે મુંજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ : –**

(૧) આરોપી ને કી.પ્રો.કો. કલમ–૨,૨ અન્વયે ધી ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, મુંજબનો ગુના સબબ રીતે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/– દંડ ( અંકે રુપીયા એક હજાર પુરા) એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧ ૩૪(બી) મુંજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરા) મુજબનો દંડ કરવામાં આવે છે. કુલ અગીયારસોપુરા

(૨) જો આરોપી ઉપરોકત દંડ ની રકમ ના ભરે તો વધુ દીન–૪, ની સાદી કેદની સજા કરવામાં આવશે.

સદરહુ હુકમ આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર૨૦૧૯ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ્રયલ સીટીંગમાં વાચીંસંભળાવી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૪/૯/૨૦૧૯

(દિલીપસિંહ ભાવસિંહજીગોહીલ),
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.